સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 53


(26/12/21 to 01/01/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


ICE® MAGIC

અર્ધવાર્ષિક કરન્ટ અફેર્સ (JULY to DEC)

- વર્તમાન પ્રવાહોની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી ટુ ધી પોઇન્ટ પરીક્ષાલક્ષી માહિતી
- રમતગમત, પુરસ્કારો, સંમેલનો, મહોત્સવ, સૈન્ય અભ્યાસ, અગત્યની નિમણૂકો તથા મહાનુભાવોના નિધન
- ગુજરાત તથા ભારત સરકારની મહત્ત્વની યોજનાઓ, નીતિ નિર્ણયો નોબેલ પુરસ્કાર, ટોક્યો ઓલિમ્પિક, રિપોર્ટ, ઇન્ડેક્સ તથા રેન્કિંગ



www.iceonline.in

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**26 DEC-2021**
- ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ-2021 ..... 02
- QUESTION ANSWERS ..... 04

**27 DEC-2021**
- દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ ..... 05
- વિજય હજારે ટ્રોફી 2021-22 ..... 05
- સંરક્ષણ ટેકનોલોજી પરીક્ષણ કેન્દ્ર અને બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ યુનિટ ..... 05
- QUESTION ANSWERS ..... 07

**28 DEC-2021**
- રાજ્ય આરોગ્ય સૂચકાંકની ચોથી આવૃત્તિ (Fourth Edition of State Health Index) ..... 08
- શ્રી હરભજન સિંહે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી ..... 10
- ત્રિંકોમાલી તેલ (ઓઈલ) ટાંકી ફાર્મ ડીલ : ભારત-શ્રીલંકા ..... 10
- QUESTION ANSWERS ..... 12

**29 DEC-2021**
- ન્યુક્લિયર સબમરીન ગઠબંધન : AUKUS ..... 13
- ગ્રાહક સુરક્ષા (ડાયરેક્ટ સેલિંગ) નિયમો, 2021 ..... 14
- Global Environment and Climat Action Citizen Award ..... 15
- 2021 માટે નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ એનાયત ..... 16
- QUESTION ANSWERS ..... 17

**30 DEC-2021**
- કોણાર્ક સૂર્ય મંદિરનું સંરક્ષણ : ઓડિશા ..... 18
- સંકલ્પ સ્મારક : આંદામાન અને નિકોબાર ..... 19
- ભારતીય સેનાએ મધ્યપ્રદેશમાં 'ક્વોન્ટમ લેબોરેટરી' સ્થાપી ..... 20
- QUESTION ANSWERS ..... 21

**31 DEC-2021**
- સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2021 ..... 22
- ARIIA Rankings - 2021 ..... 24
- QUESTION ANSWERS ..... 27

**01 JAN-2022**
- ઝાંસી રેલવે સ્ટેશનનું નામ બદલવામાં આવ્યું ..... 28
- રેલવે બોર્ડના નવા અધ્યક્ષ તરીકે શ્રી વિનય કુમાર ત્રિપાઠીની નિમણૂક કરવામાં આવી ..... 28
- અંડર-19 એશિયા કપમાં આઠમી વાર ભારત ચેમ્પિયન ..... 28
- QUESTION ANSWERS ..... 29

ONE LINER ..... 30

QUESTION OF THIS WEEK ..... 33


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ-2021

25 ડિસેમ્બર, 2021ને 'સુશાસન દિવસ' (Good Governance Day)ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ-2021' બહાર પાડવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સ કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ ઈન્ડેક્સ 'Department of Administration Reforms and Public Grievances' (DARPG) દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.
- આ ઈન્ડેક્સમાં ઓવરઓલ રેન્કિંગ અથવા એકંદર રેન્કિંગમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે :

(1) રાજ્યો ગ્રુપ-A
(2) રાજ્યો ગ્રુપ-B
(3) ભારતના ઉત્તરપૂર્વના અને પર્વતીય રાજ્યો
(4) ભારતના કેન્દ્રશાસિત પ્રદેશો

### ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ 2021 વિશે

ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શાસનની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટેનું એક વ્યાપક અને અમલીકરણ માળખુ છે, જે રાજ્યો/જિલ્લાઓની રેન્કિંગ નક્કી કરવામાં મદદ કરે છે.

- ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ (GGI)નો ઉદ્દેશ્ય એક એવું સાધન તૈયાર કરવાનો છે જેનો ઉપયોગ કેન્દ્રશાસિત પ્રદેશ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા વિવિધ હસ્તક્ષેપોની અસરનું મૂલ્યાંકન કરવા માટે તમામ રાજ્યોમાં એક સરખી રીતે થઈ શકે.
- GGI 2021 મુજબ, GGI 2019 ઈન્ડેક્સ સ્કોરોની સરખામણીમાં 20 રાજ્યોએ તેમના એકંદર GGI સ્કોરમાં સુધારો કર્યો છે.

### રેન્કિંગનો આધાર

ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ 2021ના માળખામાં 58 સૂચકાંકો અને 10 ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે :

(1) કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો
(2) વાણિજ્ય અને ઉદ્યોગ
(3) માનવ સંસાધન વિકાસ
(4) જાહેર આરોગ્ય
(5) જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉપયોગિતાઓ
(6) આર્થિક શાસન
(7) સામાજિક કલ્યાણ અને વિકાસ
(8) ન્યાયિક અને જાહેર સુરક્ષા
(9) પર્યાવરણ
(10) નાગરિક કેન્દ્રિત શાસન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રેન્કિંગ

આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને ચાર વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે જે નીચે મુજબ છે :

### રાજ્યો ગ્રુપ -A

ગુજરાત ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ 2021માં 10 ક્ષેત્રોને આવરી લેતા એકંદર રેન્કિંગ અથવા ઓલઓવર રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે.

- ત્યારબાદ મહારાષ્ટ્ર અને ગોવા આવે છે.

### રાજ્યો ગ્રુપ -B

આ યાદીમાં મધ્યપ્રદેશ ટોચ પર છે, ત્યારબાદ રાજસ્થાન અને છત્તીસગઢ છે.

### ઉત્તરપૂર્વ અને પર્વતીય રાજ્યો

આ યાદીમાં હિમાચલ પ્રદેશ ટોચના ક્રમે છે ત્યારબાદ મિઝોરમ અને ઉત્તરાખંડ આવે છે.

### કેન્દ્રશાસિત પ્રદેશ

આ યાદીમાં દિલ્હી પ્રથમ ક્રમે છે.

- GGI 2019 સૂચકાંકો પર 14%ની વૃદ્ધિ નોંધાવીને દિલ્હી એકંદર રેન્કમાં પ્રથમ ક્રમે છે.

**Top ranking States in the Sectors as well as in Composite Ranks is as follows:**

| Sectors | Group A | Group B | NE & Hill States | UTs |
|---|---|---|---|---|
| Agriculture & Allied Sector | Andhra Pradesh | Madhya Pradesh | Mizoram | D & N Haveli |
| Commerce and Industry | Telangana | Uttar Pradesh | J & K | Daman & Diu |
| Human Resource Development | Punjab | Odisha | Himachal Pradesh | Chandigarh |
| Public Health | Kerala | West Bengal | Mizoram | A & N Island |
| Public Infrastructure and Utilities | Goa | Bihar | Himachal Pradesh | A & N Island |
| Economic Governance | Gujarat | Odisha | Tripura | Delhi |
| Social Welfare and Development | Telangana | Chhattisgarh | Sikkim | D & N Haveli |
| Judiciary and Public Safety | Tamil Nadu | Rajasthan | Nagaland | Chandigarh |
| Environment | Kerala | Rajasthan | Manipur | Daman & Diu |
| Citizen Centric Governance | Haryana | Rajasthan | Uttarakhand | Delhi |
| **Composite** | **Gujarat** | **Madhya Pradesh** | **Himachal Pradesh** | **Delhi** |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના પ્રસિદ્ધ થયેલા 'ગુડગવર્નન્સ ઈન્ડેક્સ'માં ઓવરઓલ રેન્કિંગ અથવા રાજ્યો ગ્રૂપ-A કેટેગરીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ગુજરાત (B) ગોવા (C) ઝારખંડ (D) છત્તીસગઢ

(A)

2. તાજેતરમાં કેન્દ્ર સરકારના પ્રસિદ્ધ થયેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં 'રાજ્યો ગ્રુપ B' કેટેગરીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) મધ્યપ્રદેશ (B) છત્તીસગઢ
(C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ

(A)

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં ભારતના ઉત્તરપૂર્વના તથા પર્વતીય રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) મણિપુર (B) ત્રિપુરા
(C) ઉત્તરાખંડ (D) હિમાચલ પ્રદેશ

(D)

4. તાજેતરમાં કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલા 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો કેન્દ્રશાસિત પ્રદેશ છે ?

(A) પુડુચેરી (B) ચંદીગઢ (C) દિલ્હી (D) લક્ષદ્વીપ

(C)

5. કેન્દ્ર સરકારના 'ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ'માં કુલ કેટલા ક્ષેત્રોને આધારે વિવિધ રાજ્યો અથવા કેન્દ્ર શાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યો છે ?

(A) 5 (B) 8 (C) 10 (D) 15

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 27 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ અથવા આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ

## વિજય હજારે ટ્રોફી 2021-22

તાજેતરમાં ભારતમાં વિજય હજારે ટ્રોફી 2021-22નું આયોજન થયું હતું.

- આ ટ્રોફીની ફાઈનલ મેચમાં તમિલનાડુને પરાજય આપીને હિમાચલ પ્રદેશે આ ટ્રોફી પ્રથમ વખત જીતી લીધી છે.
- વિજય હજારે ટ્રોફી 2021-22માં સૌથી વધુ રન શ્રી ઋતુરાજ ગાયકવાડે ફટકાર્યા હતા. તેમણે સમગ્ર ટ્રોફી દરમિયાન 603 રન ફટકાર્યા હતા.
- તથા સૌથી વધુ વિકેટ શ્રી યશ ઠાકુરે ઝડપી હતી.
- શ્રી ઋતુરાજ ગાયકવાડ મહારાષ્ટ્રની ટીમના ખેલાડી છે જ્યારે શ્રી યશ ઠાકુર વિદર્ભની ટીમના ખેલાડી છે.
- વિજય હજારે ટ્રોફી એ ભારતની ઘરેલું વન ડે ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- ભારતની રણજી ટ્રોફીની ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.
- પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી વિજય હજારેના નામ પરથી આ ટ્રોફીને નામ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંરક્ષણ ટેક્નોલોજી પરીક્ષણ કેન્દ્ર અને બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ યુનિટ

સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે લખનૌમાં DRDOના ડિફેન્સ ટેક્નોલોજી ટેસ્ટિંગ સેન્ટર અને બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ યુનિટનો શિલાયન્સ કર્યો છે.

- આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા.
- આ કેન્દ્રોનું નિર્માણ DRDO દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- શ્રી રાજનાથ સિંહે જણાવ્યુ હતું કે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ એક રક્ષાણત્મક કવચ બનાવવાનો છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે રશિયા ભારતનું વ્યૂહાત્મક ભાગીદાર છે. તેમણે ભારત માટેના બાહ્ય જોખમોને રોકવા માટે ભારતના પરમાણુ અને અન્ય લશ્કરી અવરોધને પણ ટેકો આપ્યો હતો.
- આ સિસ્ટમ ભારતને રશિયા વચ્ચે માત્ર ટેકનિકલ સહયોગ જ નહીં પરંતુ લાંબા સમયથી સાંસ્કૃતિક, રાજકીય અને રાજદ્વારી સંબંધોનો પણ ઉલ્લેખ કરે છે.
- સંરક્ષણ અને અવકાશ એરોનોટિકલ મેન્યુફેક્ચરિંગ જૂથોના ઝડપી વિકાસ માટે ઉત્તરપ્રદેશ ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (UP DIC)માં લગભગ 22 એકરમાં તેના પ્રકારનું પ્રથમ સંરક્ષણ ટેક્નોલોજી અને પરીક્ષણ કેન્દ્ર (DTTC) સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

- બ્રહ્મોસ એરોસ્પેસનું આ બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ સેન્ટર **UPDIC**ના લખનૌ નોડ પર અત્યાધુનિક સુવિધાવાળુ કેન્દ્ર હશે.
- અહીં <u>આગામી પેઢીની</u> બ્રહ્મોસ મિસાઈલ વિકસાવવામાં આવશે.
- આ નવું કેન્દ્ર આગામી બે–ત્રણ વર્ષમાં તૈયાર થઈ જશે. દર વર્ષે અહીં **80**થી **100** બ્રહ્મોસ મિસાઈલ બનાવવામાં આવશે.

## બ્રહ્મોસ મિસાઈલ

બ્રહ્મોસ મિસાઈલ એ મિડિયમ રેન્જની એક સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે.

- તેને જળ, જમીન અને હવામાંથી એટલે કે સબમરીન, જહાજ, એરક્રાફ્ટ અને જમીન પરથી લોન્ચ કરી શકાય છે.
- તે વિશ્વની સૌથી ઝડપી <u>સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંથી</u> એક છે.
- બ્રહ્મોસ મિસાઈલ એ રશિયાના <u>**NPO Mashinostroeyenia**</u> અને ભારતના <u>**DRDO**</u> વચ્ચેનું સંયુક્ત સાહસ છે.
- ભારતની <u>બ્રહ્મપુત્રા</u> અને રશિયાની <u>મોસ્કવા</u> નદીના નામ પરથી આ મિસાઈલનું નામ <u>બ્રહ્મોસ</u> રાખવામાં આવ્યું છે.
- રશિયાની <u>**P-800** ઓનિક્સ ક્રૂઝ મિસાઈલ</u> તથા એ પ્રકારની અન્ય મિસાઈલ પરથી બ્રહ્મોસ મિસાઈલની રચના કરવામાં આવી છે.

## DRDO

**DRDO**નું પૂરું નામ <u>**'Defence Research and Development Organization'**</u> (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા) છે.

- તેની સ્થાપના વર્ષ <u>**1958**</u>માં થઈ હતી.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) <u>'બલસ્ય મૂલં વિજ્ઞાનમ'</u> છે.
- **DRDO** એ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના સંરક્ષણ મંત્રાલયના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

નોંધ : **DRDO**ના વર્તમાન અધ્યક્ષ <u>શ્રી જી. સતીશ રેડ્ડી</u> છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MONDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય મહામારી સજ્જતા દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મહામારીની તૈયારીનો દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 26 ડિસેમ્બર (B) 27 ડિસેમ્બર

(C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર (B)

2. વિજય હજારે ટ્રોફી 2021-22 વિજેતા ટીમનું નામ જણાવો ?

(A) હિમાચલ પ્રદેશ (B) તમિલનાડુ

(C) વિદર્ભ (D) ગુજરાત (A)

3. હિમાચલ પ્રદેશે કઈ ટીમને હરાવીને 'વિજય હજારે ટ્રોફી 2021-22' જીતી લીધી છે ?

(A) વિદર્ભ (B) તમિલનાડુ

(C) સૌરાષ્ટ્ર (D) ઝારખંડ (B)

4. 'વિજય હજારે ટ્રોફી' કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) કબડ્ડી (B) બેડમિન્ટન

(C) હોકી (D) ક્રિકેટ (D)

5. તાજેતરમાં સંરક્ષણમંત્રી શ્રી રાજનાથ સિંહે કયા સ્થળે DRDOના ડિફેન્સ ટેકનોલોજી ટેસ્ટિંગ સેન્ટર અને બ્રહ્મોસ મેન્યુફેક્ચરિંગ યુનિટનો શિલાયન્સ કર્યો છે ?

(A) કોલકાતા (B) લખનૌ

(C) બેંગ્લોર (D) ચેન્નાઈ (B)

6. બ્રહ્મોસ મિસાઈલ કયા પ્રકારની મિસાઈલ છે ?

(A) હાઈપર સોનિક ક્રૂઝ મિસાઈલ (B) સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ

(C) સબસોનિક ક્રૂઝ મિસાઈલ (D) ટ્રાન્સસોનિક ક્રૂઝ મિસાઈલ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્ય આરોગ્ય સૂચકાંકની ચોથી આવૃત્તિ (Fourth Edition of State Health Index)

તાજેતરમાં નીતિ આયોગે વર્ષ 2019-20 માટે રાજ્ય આરોગ્ય સૂચકાંકની ચોથી આવૃત્તિ બહાર પાડી છે.

- 'સ્વસ્થ રાજ્ય, પ્રગતિશીલ ભારત' શીર્ષકવાળા રિપોર્ટમાં આરોગ્ય પરિણામોમાં વર્ષ–દર–વર્ષના વધારાના પ્રદર્શન સાથે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની એકંદર સ્થિતિના આધારે રેન્ક આપવામાં આવ્યા છે.
- આ રિપોર્ટને "Health Index 2019-20' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### આ રિપોર્ટ કોના દ્વારા તૈયાર થયો છે ?

વિશ્વ બેંકની ટેકનિકલ સહાય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ તૈયાર કરવા માટે દેશના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને નીચે મુજબના વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે :

(1) દેશના મોટા રાજ્યો (2) દેશના નાના રાજ્યો

(3) કેન્દ્ર શાસિત પ્રદેશો (4) ઓવરઓલ

### State Health Index વિશે

રાજ્ય આરોગ્ય સૂચકાંક એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટેનું સાધન છે.

- આ સૂચકાંક વર્ષ 2017થી સંકલિત અને પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે.
- તે 'આરોગ્ય પરિણામો', 'શાસન અને માહિતી તથા મુખ્ય ઈનપુટ્સ અને પ્રક્રિયાઓના ડોમેન્સ હેઠળ જૂથબદ્ધ 24 સૂચકાંકો પર આધારિત ભારિત સંયુક્ત સૂચકાંક છે :

(1) **આરોગ્ય પરિણામો :**

તેમાં નવજાત મૃત્યુ દર, 5 વર્ષથી ઓછી વયનો મૃત્યુદર, જન્મ સમયે લિંગના ગુણોત્તર જેવા પરિણામોનો સમાવેશ થાય છે.

(2) **શાસન અને માહિતી :**

તેમાં સંસ્થાકીય ડિલિવરી અને વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓની સરેરાશ ઓક્યુપન્સી જેવા પરિમાણોનો સમાવેશ થાય છે.

(3) **મુખ્ય ઈનપુટ્સ/પ્રક્રિયાઓ :**

તેમાં આરોગ્ય સંભાળના અભાવનો ગુણોત્તર, કાર્યાત્મક ચિકિત્સા સુવિધાઓ, જન્મ અને મૃત્યુની નોંધણી તથા ક્ષય રોગની સારવાર વગેરે સામેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- અહેવાલનો ચોથો રાઉન્ડ 2018-19થી વર્ષ 2019-20ના સમયગાળામાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એકંદર પ્રદર્શન અને વધારાના સુધારાને માપવા અને પ્રકાશિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

## રાજ્યોનું રેન્કિંગ

આ રિપોર્ટ અનુસાર વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મળેલા મુખ્ય ક્રમાંક નીચે પ્રમાણે છે :

**મોટા રાજ્યો :**

- મોટા રાજ્યોની કેટેગરી હેઠળ 'વાર્ષિક ક્રમિક પ્રદર્શન' (Annual Incremental Progress)ના સંદર્ભમાં ઉત્તરપ્રદેશ, આસામ અને તેલંગાણા ટોચના ત્રણ ક્રમાંકિત રાજ્યો છે.

**નાના રાજ્યો :**

- નાના રાજ્યોની કેટેગરીમાં મિઝોરમ અને મેઘાલયે મહત્તમ વાર્ષિક વૃદ્ધિ દર નોંધાવ્યો છે.

**કેન્દ્રશાસિત પ્રદેશ :**

- કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં ટોચ પર દિલ્હી અને ત્યારબાદ જમ્મુ કાશ્મીરે સારૂ પ્રદર્શન નોંધાવ્યું છે.

**ઓવરઓલ :**

- 2019-20માં ઓવરઓલ સૂચકાંક સ્કોર પર આધારિત વ્યાપક રેન્કિંગ હેઠળ મોટા રાજ્યોમાં કેરળ અને તમિલનાડુ, નાના રાજ્યોમાં મિઝોરમ અને ત્રિપુરા તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ તથા ચંદીગઢ ટોચ રેન્કિંગવાળા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ છે.

## હેલ્થ ઈન્ડેક્સના ટોપ 10 રાજ્યો (ઓવરઓલ)

| રેન્ક | રાજ્ય | ઈન્ડેક્સ સ્કોર |
|---|---|---|
| 1 | કેરળ | 82.20 |
| 2 | તમિલનાડુ | 72.42 |
| 3 | તેલંગાણા | 69.96 |
| 4 | આંધ્રપ્રદેશ | 69.95 |
| 5 | મહારાષ્ટ્ર | 69.14 |
| 6 | ગુજરાત | 63.59 |
| 7 | હિમાચલ પ્રદેશ | 63.17 |
| 8 | પંજાબ | 58.08 |
| 9 | કર્ણાટક | 57.93 |
| 10 | છત્તીસગઢ | 50.70 |

નોંધ : આ કેટેગરીમાં બિહાર 18મા ક્રમાંકે છે જ્યારે ઉત્તરપ્રદેશ અંતિમ 19મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી હરભજન સિંહે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી




ભારતીય ઓફ સ્પિનર શ્રી હરભજન સિંહે તાજેતરમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.

- પોતાની શાનદાર ક્રિકેટ કારકિર્દીમાં પંજાબના 41 વર્ષીય ક્રિકેટર હરભજન સિંહે 103 ટેસ્ટમાં 417 વિકેટ, 236 વન ડેમાં 269 વિકેટ અને 28 T20 મેચોમાં 25 વિકેટ ઝડપી છે.
- તેમજ IPLમાં 13 સીઝનની 163 મેચોમાં 150 વિકેટ લીધી છે.
- શ્રી હરભજન સિંહે વર્ષ 1998માં વન ડે અને ટેસ્ટમાં ડેબ્યૂ કર્યુ હતું.
- શ્રી હરભજન સિંહ 2007 T20 વર્લ્ડ કપ અને 2011 ODI વર્લ્ડ કપ જીતનાર ટીમનો ભાગ પણ રહી ચૂકયા છે.
- વર્ષ 2009માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ત્રિંકોમાલી તેલ (ઓઈલ) ટાંકી ફાર્મ ડીલ : ભારત-શ્રીલંકા

ભારત અને શ્રીલંકા ટૂંક સમયમાં ત્રિંકોમાલી ઓઈલ ટેન્ક ફાર્મને સંયુક્ત રીતે વિકસાવવા માટે લાંબા સમયથી પેન્ડિંગ ડીલ પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે.

- બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર એક સકારત્મક સંકેત હશે.

### ત્રિંકોમાલી ઓઈલ ટાંકી ફાર્મ વિશે

ઓઈલ ટાંકી ફાર્મ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઈંધણ ભરનાર સ્ટેશન તરીકે બનાવવામાં આવ્યું હતું.

- તે ત્રિંકોમાલીના ઊંડા પાણીમાં સ્થિત કુદરતી બંદરની નજીક 'ચાઈના બે'માં સ્થિત છે.
- આ સંયુક્ત વિકાસ દરખાસ્તની પરિકલ્પના 35 વર્ષ પહેલા ભારત–શ્રીલંકા કરાર (1987)માં કરવામાં આવી હતી.
- તેમાં 99 સ્ટોરેજ ટાંકીઓનો સમાવેશ થાય છે.
- દરેકની ક્ષમતા 12,000 કિલોલીટર છે, જે લોઅર ટેન્ક ફાર્મ અને અપર ટેન્ક ફાર્મ તરીકે ફેલાયેલી છે.
- વર્ષ 2003માં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને આ ઓઈલ ફાર્મ પર કામ કરવા માટે તેની શ્રીલંકાની પેટાકંપની 'લંકા IOC'ની સ્થાપના કરી હતી.
- હાલમાં 'લંકા IOC' પાસે 15 ટેન્ક છે. બાકીની ટાંકીઓ માટે નવા કરાર પર વાટાઘાટો ચાલી રહી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કરારનું મહત્ત્વ

ત્રિંકોમાલી ઓઈલ ટાંકી ફાર્મનું સ્થાન તેને ઘણા અનુકૂળ પરિબળો આપે છે. દાખલા તરીકે :

(1) સરળ પ્રવેશ : તે ત્રિંકોમાલીના ઊંડા પાણીના કુદરતી બંદર પર સ્થિત છે.

(2) હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક સ્થાન : આ ઓઈલ ફાર્મ વિશ્વની સૌથી વ્યસ્ત શિપિંગ લેન સાથે સ્થિત છે.

## ભારત-લંકા કરાર વિશે

ભારતના તત્કાલિન વડાપ્રધાન <u>શ્રી રાજીવ ગાંધી</u> અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રી જે. આર. જયવર્દને દ્વારા આ કરાર પર હસ્તાક્ષર થયા હતા.

- આ કરાર મુખ્યત્વે <u>'રાજીવ–જયવર્દને'</u> કરાર તરીકે ઓળખાય છે.
- ભારત–લંકા કરાર વર્ષ **<u>1987</u>**માં થયો હતો.
- શ્રીલંકામાં ગૃહયુદ્ધ (તામિલ અને સિંહાલી સમુદાય વચ્ચે) સમયે આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કરારમાં ભારતના વ્યૂહાત્મક હિતો, શ્રીલંકામાં ભારતીય મૂળના લોકોના હિતો અને શ્રીલંકામાં તમિલ લઘુમતિઓના અધિકારોને સંતુલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.
- આ કરાર હેઠળ શ્રીલંકાના ગૃહ યુદ્ધને ઉકેલવા માટે શ્રીલંકામાં ભારતીય શાંતિ સંરક્ષણ દળ (IPKF)ની નિમણૂક કરવામાં આવી હતી.
- કરારના પરિણામે શ્રીલંકાના બંધારણમાં 13મો બંધારણીય સુધારો અને 1987નો પ્રાંતીય પરિષદ અધિનિયમ લાગુ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

PSI-ASI-કોન્સ્ટેબલ
મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક
9,000 થી વધુ પ્રશ્ન–જવાબ
- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન–જવાબ
- 6 મહિનાનું કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો




www.iceonline.in

**1.** તાજેતરમાં નીતિ આયોગે રાજ્ય આરોગ્ય સૂચકાંકની (2019-20) કેટલામી આવૃત્તિ બહાર પાડી છે ?

(A) બીજી (B) ત્રીજી

(C) ચોથી (D) પાંચમી (C)

**2.** તાજેતરમાં નીતિ આયોગે વર્ષ 2019-20 માટે રાજ્ય આરોગ્ય સૂચકાંકની ચોથી આવૃત્તિ બહાર પાડી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વિશ્વ બેંકની ટેકનિકલ સહાય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી નીતિ આયોગ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.
2. આ રિપોર્ટમાં ઓવરઓલ પ્રદર્શનમાં કેરળ રાજ્ય પ્રથમ ક્રમે છે.
3. આ રિપોર્ટમાં મોટા રાજ્યો કેટેગરીમાં ઉત્તરપ્રદેશ, આસામ, તેલંગાણા ટોચના રાજ્યો છે.
4. આ રિપોર્ટમાં નાના રાજ્યો કેટેગરી હેઠળ મિઝોરમ અને મેઘાલયે મહત્તમ વાર્ષિક વૃદ્ધિ દર નોંધાવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

**3.** તાજેતરમાં શ્રી હરભજન સિંહે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. તેમણે કયા વર્ષે ટેસ્ટ અને વન ડેમાં ડેબ્યૂ કર્યુ હતું ?

(A) 1996 (B) 1998 (C) 2003 (D) 2004 (B)

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ત્રિંકોમાલી તેલ (ઓઈલ) ટાંકી ડીલ' ભારત અને કયા દેશ સાથે સંકળાયેલ છે ?

(A) શ્રીલંકા (B) મ્યાનમાર

(C) બાંગ્લાદેશ (D) ઓમાન (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ન્યુક્લિયર સબમરીન ગઠબંધન : AUKUS

તાજેતરમાં <u>ઓસ્ટ્રેલિયા</u>, <u>બ્રિટન</u> અને <u>અમેરિકા</u>એ સંવેદનશીલ <u>'નેવલ ન્યુક્લિયર પ્રોપલ્શન ઈન્ફોર્મેશન'</u>ના આદાન–પ્રદાનની મંજૂરી આપતા કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- છેલ્લા કેટલાંક સમયથી પેસિફિક ક્ષેત્રમાં ચીન અને અમેરિકા વચ્ચે દુશ્મનાવટ વધી રહી છે. આ તણાવનો સામનો કરવા માટે ત્રણેય દેશોએ સુરક્ષા ભાગીદારી **<u>'AUKUS'</u>**નું ગઠન કર્યુ હતું.
- તેની રચના પછી જાહેર હસ્તાક્ષર કરવા માટેનો આ પહેલો કરાર છે.
- ઓકસ (AUKUS) કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા આઠ અત્યાધુનિક પરમાણુ સંચાલિત પરંતુ પરંપરાગત રીતે સશસ્ત્ર સબમરીન પ્રાપ્ત કરશે.

### AUKUS

<u>સપ્ટેમ્બર 2021</u>માં અમેરિકન વહીવટીતંત્રે <u>ઈન્ડો–પેસિફિક ક્ષેત્ર</u> માટે નવી ત્રિપક્ષીય સુરક્ષા ભાગીદારીની જાહેરાત કરી હતી.

- આ સુરક્ષા ભાગીદારી <u>ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા</u> વચ્ચે કરવામાં આવી હતી.
- આ સુરક્ષા જૂથને **<u>AUKUS</u>** તરીકે ઓળખવામાં આવે છે.
- **<u>AUKUS</u>** એટલે.......

  A - ઓસ્ટ્રેલિયા

  UK - યુનાઈટેડ કિંગ્ડમ (બ્રિટન)

  US - અમેરિકા




- આ ભાગીદારીનો મુખ્ય ઉદ્દેશ અમેરિકા દ્વારા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન ટેકનોલોજીની વહેંચણી સુનિશ્ચિત કરવાનો છે.
- તે <u>ઈન્ડો–પેસિફિક ક્ષેત્રો</u>માં વ્યૂહાત્મક હિતોને આગળ વધારવા માટે ધ્યાન કેન્દ્રીત કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ગ્રાહક સુરક્ષા (ડાયરેક્ટ સેલિંગ) નિયમો, 2021

તાજેતરમાં કેન્દ્ર સરકારે ડાયરેક્ટ સેલિંગ ઉદ્યોગ માટે 'ગ્રાહક સુરક્ષા (ડાયરેક્ટ સેલિંગ) નિયમો, 2021' (Consumer Protection (Direct Selling) Rules, 2021) જાહેર કર્યા છે.

- તે પિરામિડ યોજનાઓના પ્રચાર અને મની પરિભ્રમણ યોજનાઓમાં ભાગીદારી પર પ્રતિબંધ મુકે છે.
- આ નિયમો 'ગ્રાહકોના હિતોનું રક્ષણ' કરવા માટે પ્રત્યક્ષ વેચાણ કરતી સંસ્થાઓ અને તેમના પ્રત્યક્ષ વિક્રેતા બંનેની ફરજો અને જવાબદારી નક્કી કરે છે.
- હાલની ડાયરેક્ટ સેલિંગ કંપનીઓએ ખાતરી કરવી પડશે કે તેઓ 90 દિવસની અંદર નિયમોનું પાલન કરે.
- જોકે, વેચાણ માટે ઈ–કોમર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરતી ડાયરેક્ટ સેલર્સ તેમજ ડાયરેક્ટ સેલિંગ એન્ટિટીએ કન્ઝ્યુમર પ્રોટેક્શન (ઈ–કોમર્સ) નિયમો, 2020ની જરૂરિયાતોનું પાલન કરશે.

## આ નિયમો ક્યાં લાગુ થશે ?

પ્રત્યક્ષ વેચાણ દ્વારા ખરીદેલ અથવા વેચવામાં આવેલ તમામ માલસામાન અને સેવાઓ.

- ગ્રાહકોને સામાન અને સેવાઓ પૂરી પાડતી તમામ સીધી વેચાણ સંસ્થાઓ.
- ડાયરેક્ટ સેલિંગના તમામ મોડલ.
- ડાયરેક્ટ સેલિંગના તમામ મોડલ્સમાં તમામ પ્રકારની અયોગ્ય વેપાર પ્રથાઓ.
- ડાયરેક્ટ સેલિંગ એન્ટિટી/સંસ્થા ભારતમાં સ્થપાયેલી નથી પરંતુ ભારતમાં ગ્રાહકોને સામાન અથવા સેવાઓ પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવા નિયમોની મુખ્ય જોગવાઈઓ

### પ્રવૃત્તિઓની દેખરેખ કરવા માટે તંત્ર :

- તેમાં રાજ્ય સરકારોને ડાયરેક્ટ સેલર્સ અને ડાયરેક્ટ સેલિંગ એન્ટિટીની ગતિવિધિઓ પર દેખરેખ રાખવા અથવા તેની દેખરેખ રાખવા માટે એક તંત્ર સ્થાપિત કરવામાં આવશે.

### ફરિયાદ નિવારણ પદ્ધતિ :

- ડાયરેક્ટ સેલિંગ કંપનીઓએ પર્યાપ્ત ફરિયાદ નિવારણ તંત્ર (અથવા પદ્ધતિ) સ્થાપિત કરવાની જરૂર પડશે.
- આવા માલ અથવા સેવાઓની અધિકૃતા સાથે સંબંધિત કોઈપણ કાર્યવાહીમાં ડાયરેક્ટ સેલિંગ એન્ટિટી (અથવા સંસ્થાઓ)ને જવાબદારી નિભાવવી પડશે.
- દરેક ડાયરેક્ટ સેલિંગ યુનિટે નોડલ ઓફિસરની નિમણૂક કરવી પડશે જે એક્ટ અને નિયમોની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા માટે જવાબદાર હશે.

## ગ્રાહકોને ખરીદી માટે પ્રેરિત ન કરવા :

- ડાયરેક્ટ સેલિંગ કંપનીઓ અથવા તેમના ડાયરેક્ટ વિક્રેતા ગ્રાહકોને ખરીદી કરવા માટે પ્રેરિત કરી શકતા નથી કે તેઓ સંભવિત ગ્રાહકોને તે જ ખરીદવા માટે ડાયરેક્ટ વિક્રેતાઓને સંદર્ભિત કરીને કિંમત ઘટાડી અથવા વસૂલ કરી શકે છે.

## ડાયરેક્ટ સેલિંગ એન્ટિટીઝ પરની જવાબદારીઓ :

- આ નિયમો ડાયરેક્ટ સેલિંગ સંસ્થાઓ પર અમુક જવાબદારીઓ લાદે છે જેમાં નીચેનો સમાવેશ થાય છે :
  (1) ભારતમાં નોંધાયેલ ઓફિસ તરીકે તેમની પાસે ઓછામાં ઓછું એક ભૌતિક સ્થાન હોવું જોઈએ.
  (2) તેઓએ સ્વ–ઘોષણા કરવી જોઈએ કે ડાયરેક્ટ સેલિંગ એન્ટિટીએ આ નિયમોની જોગવાઈઓનું પાલન કર્યું છે અને પિરામિડ યોજના અથવા મની સર્ક્યુલેશન યોજનાનો ભાગ નથી.

**મહત્ત્વ**

આ નવા નિયમો બજારમાં સ્પષ્ટતા લાવશે અને ડાયરેક્ટ સેલિંગ ઉદ્યોગને વેગ આપશે, જે પહેલેથી જ 70 લાખથી વધુ ભારતીયોને આજીવિકા પૂરી પાડે જેમાંથી 50% કરતાં વધુ મહિલાઓ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Global Environment and Climat Action Citizen Award



23 ડિસેમ્બર 2021ના રોજ દુબઈમાં 'ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ એક્શન સિટીઝન એવોર્ડ' આપવામાં આવ્યો હતો.


- પ્રતિષ્ઠિત ગ્લોબલ એન્વાયરમેન્ટ એન્ડ ક્લાઈમેટ એક્શન સિટીઝન એવોર્ડ સુરતના પ્રખ્યાત ઉદ્યોગપતિ શ્રી વિરલ દેસાઈને એનાયત કરવામાં આવ્યો હતો.
- શ્રી વિરલ દેસાઈ પર્યાવરણ પ્રત્યેના પ્રેમના કારણે ગ્રીનમેન તરીકે પ્રખ્યાત છે.
- યુ.કે., યુએસએ, ન્યુઝીલેન્ડ, ફ્રાન્સ અને મલેશિયા સહિત 11 દેશોના 28 લોકોને પણ આ પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- પરંતુ ક્લાઈમેટ એક્શન માટે સન્માન મેળવનાર શ્રી વિરલ દેસાઈ એકમાત્ર ભારતીય હતા.
- ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ એક્શન સિટીઝન એવોર્ડ એ હાર્વર્ડ મેડિકલ સ્કૂલ સેન્ટર ફોર હેલ્થ એન્ટર ધ ગ્લોબલ એન્વાયર્નમેન્ટ દ્વારા સ્થાપિત પર્યાવરણીય પુરસ્કાર છે.
- વૈશ્વિક પર્યાવરણને પુનઃ સ્થાપિત કરવા અને તેનું રક્ષણ કરવા માટે કામ કરતી વ્યક્તિઓને વાર્ષિક ધોરણે એનાયત કરવામાં આવે છે.

## 2021 માટે નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ એનાયત

તાજેતરમાં વર્ષ 2021 માટે 'નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ' આપવામાં આવ્યો છે.

- કેરળ યુનિવર્સિટી ઓફ વેટરનરી એન્ડ એનિમલ સાયન્સ (AICRP) હેઠળના 'ઓલ ઈન્ડિયા કો ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ' (KVASU)ને વર્ષ 2021 માટે 'નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે.
- તેને તેલિચેરી જાતિ પર સંરક્ષણ અને સંશોધન પ્રવૃત્તિઓ માટે ICAR–નેશનલ બ્યૂરો ઓફ એનિમલ જિનેટિક રિસોર્સિસ (NBAGR) તરફથી આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો હતો.
- કેરળ રાજ્યમાં તેલિચેરી જાતિ એ એકમાત્ર નોંધાયેલ સ્વદેશી ચિકન જાતિ છે.
- આ એવોર્ડમાં 10,000 રૂપિયાની ઈનામી રકમ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.
- તાજેતરમાં ICAR-NBAGR દ્વારા આયોજિત ખેડૂત દિવસ સમારોહમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**નોંધ :** ચિકનની તેલિચેરી જાતિનું નામ કેરળના એક સ્થળ પરથી રાખવામાં આવ્યું છે.



1. તાજેતરમાં કયા દેશોએ સંવેદનશીલ 'નેવલ ન્યુક્લિયર પ્રોપલ્શન ઈન્ફોર્મેશન'ના આદાન–પ્રદાનની મંજૂરી આપતા કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

(A) ઓસ્ટ્રેલિયા, બ્રિટન અમેરિકા
(B) ઓસ્ટ્રેલિયા, જાપાન, ચીન
(C) રશિયા, ભારત, કેનેડા
(D) એકપણ નહીં

(A)

2. તાજેતરમાં સમાચારોમાં રહેલ AUKUS શું છે ?

(A) જાપાન દ્વારા પરીક્ષણ કરવામાં આવેલ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ
(B) અમેરિકાના સૈન્યનું લડાયક હેલિકોપ્ટર
(C) ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કિંગ્ડમ અને અમેરિકા વચ્ચે કરવામાં આવેલા સુરક્ષા ભાગીદાર કરાર
(D) ભારત દ્વારા નિર્મિત સ્વદેશી મિસાઈલ

(C)

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે ડાયરેક્ટ સેલિંગ ઉદ્યોગ માટે 'ગ્રાહક સુરક્ષા (ડાયરેક્ટ સેલિંગ) નિયમો, 2021' જાહેર કર્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ નિયમો વેચાણ દ્વારા ખરીદેલ અથવા વેચવામાં આવેલ તમામ માલસામાન અને સેવાઓ, ડાયરેક્ટ સેલિંગના તમામ મોડલ વગેરેને લાગુ થશે.
2. આ નિયમો ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે પ્રત્યક્ષ વેચાણ કરતી સંસ્થાઓ અને તેમના પ્રત્યક્ષ વિક્રેતા બંનેની ફરજો અને જવાબદારીઓ નક્કી કરે છે.
3. તેમાં કંપનીઓને 190 દિવસની અંદર નિયમોનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1
(D) 1, 2 અને 3

(A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં 'ગ્લોબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ એકશન સિટીઝન એવોર્ડ' કોને આપવામાં આવ્યો હતો ?

(A) શ્રી મેહુલ દેસાઈ
(B) શ્રી વિરલ દેસાઈ
(C) શ્રી સંજય દેસાઈ
(D) શ્રી વિવેક દેસાઈ


(B)

5. તાજેતરમાં વર્ષ 2021 માટે 'નેશનલ બ્રીડ કન્ઝર્વેશન એવોર્ડ' કોને આપવામાં આવ્યો છે ?

(A) ઓલ ઈન્ડિયા કો ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ
(B) રાજસ્થાન કો ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ
(C) શિમલા કો ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ (ઉત્તરાખંડ)
(D) એકપણ નહીં

(A)

## કોર્ણાક સૂર્ય મંદિરનું સંરક્ષણ : ઓડિશા



તાજેતરમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)એ જણાવ્યું હતું કે તે કોર્ણાક સૂર્ય મંદિરના આંતરિક ભાગોમાંથી રેતીને સુરક્ષિત રીતે દૂર કરવા માટે પ્રારંભિક રોડમેપ તૈયાર કરી રહ્યું છે.

- સૂર્ય મંદિરનો જગમોહન (એસેમ્બલી હોલ) એક સદી પહેલા અંગ્રેજો દ્વારા મંદિરને સ્થિર કરવા માટે રેતીથી ભરવામાં આવ્યો હતો.
- વર્ષ **1903**માં બ્રિટિશ વહીવટી તંત્રે તેરમી સદીની વર્લ્ડ હેરિટેજ સાઈટની સ્થિરતા જાળવી રાખવા માટે હોલને રેતીથી ભરી અને બંધ કરી દીધો હતો.
- તેણે જગમોહનના ઉપરના ભાગમાં એક કાણુ પાડયું હતું અને તેમાં રેતી રેડી હતી.
- રેતીના થર અને માળખા વચ્ચે 17 ફૂટનું અંતર હોવાના પરિણામે રેતીના રહેવાથી સંભવિત નુકસાનની ચેતવણી આપતા અભ્યાસ પછી રેતીને દૂર કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી.
- ASIને રૂરકીમાં સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CBRI) દ્વારા રેતી દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવા માટે મદદ કરવામાં આવી હતી, જેણે 2013 અને 2018 વચ્ચે મંદિરની માળખાકીય સ્થિરતા પર વૈજ્ઞાનિક અભ્યાસ હાથ ધર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કોર્ણાક સૂર્ય મંદિર

કોર્ણાકનું સૂર્યમંદિર ઓડિશા રાજ્યમાં પવિત્ર શહેર પૂરીની નજીક આવેલું છે.

- કોર્ણાકના સૂર્યમંદિરનું નિર્માણ **13મી સદી**માં રાજા નરસિંહદેવ પ્રથમે કરાવ્યું હતું.
- તે ગંગ વંશની ભવ્યતા, સ્થાપત્ય, શક્તિ અને સ્થિરતા તેમજ ઐતિહાસિક પર્યાવરણનું પ્રતિનિધિત્વ કરે છે.
- મંદિર એક વિશાળ રથના આકારમાં બનાવવામાં આવ્યું છે. જે સૂર્ય ભગવાનને સમર્પિત છે.
- કોર્ણાકના સૂર્ય મંદિરની ઊંચાઈ **70 મીટર** છે.
- મંદિર કુલ ત્રણ ભાગમાં વિભાજિત છે :

  (1) નાટ્ય મંડળ (2) જગમોહન (3) ગર્ભ–ગૃહ
- અહીં આવેલ મૂર્તિઓ લેટેરાઈટ, ક્લોરાઈટ અને ડોલોમાઈટમાંથી બની છે.

- કોર્ણાકના સૂર્યમંદિરના રથના પૈડાની 12 જોડ આવેલ છે. તેને સાત ઘોડાઓ ખેંચે છે તેવું દર્શાવવામાં આવ્યું છે.
- આ મંદિરનું નિર્માણ કલિંગ શૈલીમાં થયું છે.
- કોર્ણાકનું સૂર્યમંદિર કાળા ગ્રેનાઈટના પથ્થરમાંથી બન્યું હોવાથી તે 'કાળા પૈગોડા' તરીકે પણ ઓળખાય છે.
- સાત ઘોડાને અઠવાડિયાના સાત દિવસોનું પ્રતીક માનવામાં આવે છે.
- કોર્ણાક સૂર્યમંદિર તેની સ્થાપત્ય ભવ્યતા માટે જ નહીં પરંતુ શિલ્પના કામની ઊંડાઈ અને પ્રાવિણ્ય માટે પણ જાણીતું છે.
- વર્ષ 1984માં યુનેસ્કો દ્વારા તેને વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરવામાં આવી હતી.

નોંધ : (1) પૂર્વીય ગંગ રાજવંશને રૂધિ ગંગ અથવા પ્રાચ્ય ગંગના નામથી પણ ઓળખવામાં આવે છે.
(2) આ રાજવંશે 5મી સદીની શરૂઆતથી 15મી સદીની શરૂઆત સુધી કલિંગ પર શાસન કર્યું હતું.

## સંકલ્પ સ્મારક : આંદામાન અને નિકોબાર



તાજેતરમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝના ભારતમાં આગમનના બરાબર 78 વર્ષ (29 ડિસેમ્બર, 2021) પછી એક સંકલ્પ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું.

- આ સ્મારકનો હેતુ ઈતિહાસની આ મહત્વપૂર્ણ ઘટનાને સાચવવાનો છે.
- આંદામાન અને નિકોબારમાં બનેલ આ સ્મારક ભારતીય રાષ્ટ્રીય સેનાના સૈનિકોના સંકલ્પ અસંખ્ય બલિદાનોની શ્રદ્ધાંજલિ છે.
- તે ભારતીય સશસ્ત્ર દળોની નૈતિકતા અને ભારતીય સેનાના સંકલ્પને રેખાંકિત કરતી પ્રતિબદ્ધતા, કર્તવ્ય અને બલિદાનના મૂલ્યોનું પ્રતીક પણ છે જે નેતાજીએ પોતે જ સ્થાપ્યું હતું.
- નોંધનીય છે કે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ 16 જાન્યુઆરી, 1941ના રોજ કોલકાતામાંથી બ્રિટિશ દેખરેખમાંથી છટકી ગયા હતા અને પોર્ટ બ્લેર એરપોર્ટ પર લગભગ ત્રણ વર્ષ પછી 29 ડિસેમ્બર, 1943ના રોજ ભારતીય ધરતી પર પાછા ફર્યા હતા.
- નેતાજી સુભાષ ચંદ્ર બોઝે 30 ડિસેમ્બર, 1943ના રોજ આંદામાન નિકોબારના ટાપુના પોર્ટ બ્લેરની સેલ્યુલર જેલમાં પ્રથમ વખત તિરંગો લહેરાવ્યો હતો.
- આ સાથે સુભાષ ચંદ્ર બોઝે તિરંગો લહેરાવીને આંદામાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુક્ત જાહેર કર્યો હતો.

## ભારતીય સેનાએ મધ્યપ્રદેશમાં 'ક્વોન્ટમ લેબોરેટરી' સ્થાપી

ભારતીય સેનાએ તાજેતરમાં મધ્યપ્રદેશના મહુ ખાતે 'ક્વોન્ટમ લેબોરેટરી'ની સ્થાપના કરી છે, જે ઉભરતા ટેકનોલોજી ક્ષેત્રમાં સ્થિર અને નોંધપાત્ર પ્રગતિને પ્રકાશિત કરે છે.

- આ ક્વોન્ટમ લેબોરેટરીની સ્થાપના રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)ની મદદથી કરવામાં આવી છે.
- તેની સ્થાપના વિવિધ મુખ્ય ટેકનિકલ ક્ષેત્રોમાં સંશોધન અને તાલિમનું નેતૃત્વ કરવા માટે કરવામાં આવી છે.
- ભારતીય સેનાએ આ જ સંસ્થામાં 'કૃત્રિમ બુદ્ધિમત્તા' (AI) કેન્દ્રની પણ સ્થાપના કરી છે, જેમાં વિભિન્ન અગ્રણી ક્ષેત્રોમાં 140થી વધુ ઉદ્યોગવિદો અને શિક્ષણ વિદોનું સમર્થન શામેલ છે.
- સાયબર સુરક્ષા પ્રયોગશાળાઓ અને અત્યાધુનિક સાયબર રેન્જ દ્વારા સાયબર યુદ્ધ અંગેની તાલીમ આપવામાં આવી રહી છે.

### ઉદ્દેશ્ય

બંને કેન્દ્રો સશસ્ત્ર દળો દ્વારા ઉપયોગ માટે પરિવર્તનશીલ તકનીકોના વિકાસ માટે વ્યાપક સંશોધન કરશે.

- આ ઉપરાંત આ કેન્દ્રો ક્વોન્ટમ ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં સંશોધન અને તાલીમની સુવિધા પણ આપશે.
- આ કેન્દ્રો સંદેશાવ્યવહારના ક્ષેત્રમાં પ્રગતિ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે અને ક્રિપ્ટોગ્રાફીની વર્તમાન સિસ્ટમને પોસ્ટ–ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફીમાં રૂપાંતરિત કરવામાં પણ મદદરૂપ સાબિત થશે.
- ક્વોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન, ક્વોન્ટમ કોમ્પ્યુટીંગ અને ક્વોન્ટમ કમ્યુનિકેશન એ ક્વોન્ટમ ટેકનોલોજીના મુખ્ય ક્ષેત્રો છે.
- 'ક્વોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન' જેને 'ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

નોંધ : (1) ક્વોન્ટમ ટેકનોલોજી ક્વોન્ટમ મિકેનિકસના સિદ્ધાંતો પર આધારિત છે. જે 20મી સદીની શરૂઆતમાં અણુઓ અને પ્રાથમિક કણોની પ્રકૃત્તિનું વર્ણન કરવા માટે વિકસાવવામાં આવી હતી.

(2) ક્વોન્ટમ કોમ્પ્યુટર ક્યુબિટ્સમાં ગણતરી કરે છે. તેઓ ક્વોન્ટમ મિકેનિકસના ગુણધર્મોનો ઉપયોગ કરે છે. અને અણુ સ્કેલ પર દ્રવ્ય કેવી રીતે વર્તે છે તેનું સંચાલન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ASIએ જણાવ્યું હતું કે...........મંદિરના આંતરિક ભાગોમાંથી રેતીને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવશે.

(A) મોઢેરાના સૂર્યમંદિરમાંથી
(B) કોર્ણાકના સૂર્યમંદિરમાંથી
(C) ગોપના સૂર્ય મંદિરમાંથી
(D) માર્તંડના સૂર્યમંદિરમાંથી

(B)

2. કોર્ણાકનું સૂર્યમંદિર કયા રાજ્યમાં આવેલ છે ?

(A) ઓડિશા
(B) આંધ્રપ્રદેશ
(C) તેલંગાણા
(D) કર્ણાટક

(A)

3. કોર્ણાકના સૂર્યમંદિરનું નિર્માણ 13મી સદીમાં કયા રાજાએ કરાવ્યું હતું ?

(A) પુલકેશી પ્રથમ
(B) વિજયાદિત્ય પ્રથમ
(C) નરસિંહદેવ પ્રથમ
(D) કીર્તિવર્મન પ્રથમ

(C)

4. તાજેતરમાં 'સંકલ્પ સ્મારક' રાષ્ટ્રને સમર્પિત કર્યુ છે. આ સ્મારક કયા સ્થળે આવેલ છે ?

(A) આંદામાન–નિકોબાર
(B) લક્ષદ્વીપ
(C) પુડુચેરી
(D) ચંદીગઢ

(A)

5. ભારતીય સેનાએ તાજેતરમાં કયા સ્થળે 'ક્વોન્ટમ લેબોરેટરી'ની સ્થાપના કરી છે ?

(A) કચ્છ, ગુજરાત
(B) ઉદયપુર, રાજસ્થાન
(C) લખનૌ, ઉત્તરપ્રદેશ
(D) મહુ, મધ્યપ્રદેશ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ARIIA Rankings - 2021

તાજેતરમાં સરકારે ATAL Rankings of Institutions on innovation Achievements (ARIIA) 2021ની જાહેરાત કરી હતી.

- ARIIAની પ્રથમ આવૃત્તિ વર્ષ 2019માં બહાર પડી હતી.
- તે શિક્ષણ મંત્રાલય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)ની સંયુક્ત પહેલ છે. જે ભારતની તમામ અગ્રણી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓને વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે 'ઈનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ' સંબંધિત સૂચકાંકો પર વ્યવસ્થિત રીતે રેન્ક આપે છે.

### મુલ્યાંકનના માપદંડ

ARIIA નીચેના પરિમાણો પર સંસ્થાનું મુલ્યાંકન કરે છે :

(1) બજેટ અને અનુદાન સહાય

(2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ

(3) વિચાર જનરેશન અને ઈનોવેશન માટે જાગૃત્તિ, પ્રચાર અને સમર્થન

(4) ઉદ્યોગસાહસિકતા વિકાસ માટે પ્રોત્સાહનો અને સમર્થન

(5) નવીન શિખવાની પદ્ધતિઓ અને અભ્યાસક્રમ

(6) બૌદ્ધિક સંપત્તિનું સર્જન, ટેકનોલોજી ટ્રાન્સફર અને વ્યાપારીકરણ

(7) ઈન્સ્ટિટયૂટ ગવર્નન્સમાં ઈનોવેશન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રેન્કિંગ વર્ગીકરણ

રેન્કિંગ બે કેટેગરીમાં બનાવવામાં આવે છે, ટેકનિકલ અને નોન–ટેકનિકલ

### ટેકનિકલ કેટેગરી

- ટેકનિકલ કેટેગરીમાં 5 પેટા–કેટેગરીનો સમાવેશ થાય છે :

(1) કેન્દ્રીય ભંડોળ પ્રાપ્ત તકનીકી સંસ્થાઓ (CFTIs), કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ

(2) રાજ્ય યુનિવર્સિટીઓ અને ડીમ્ડ યુનિવર્સિટીઓ (સરકારી અને સરકાર દ્વારા સહાયતા પ્રાપ્ત)

(3) સરકારી કોલેજો/સંસ્થાઓ (સરકારી અને સરકાર દ્વારા સહાયતા પ્રાપ્ત)

(4) યુનિવર્સિટીઓ અને ડીમ્ડ યુનિવર્સિટીઓ (સેલ્ફ–ફાઈનાન્સ/ખાનગી)

(5) ખાનગી કોલેજો/સંસ્થાઓ (સેલ્ફ–ફાઈનાન્સ/ખાનગી)

## બિન ટેકનિકલ કેટેગરી

- બિન ટેકનિકલ કેટેગરીમાં બે પેટા–કેટેગરીનો સમાવેશ થાય છે :
  (1) કેન્દ્રીય ભંડોળવાળી સંસ્થાઓ (CFTIs)/કેન્દ્રીય યુનિવર્સિટીઓ/રાષ્ટ્રીય મહત્ત્વની બિન–ટેકનિકલ સંસ્થાઓ
  (2) સામાન્ય (બિન–તકીનીક)

## વર્ષ 2021માં ઉચ્ચ રેન્કિંગ સંસ્થાઓ

## ટેકનિકલ કેટેગરી

### રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટી અને CFIIs

| Rank | Institute Name |
|---|---|
| 1 | IIT મદ્રાસ |
| 2 | IIT બોમ્બે |
| 3 | IIT દિલ્હી |

### સરકારી અને સરકાર દ્વારા સહાય પ્રાપ્ત યુનિવર્સિટીઓ

| Rank | Institute Name |
|---|---|
| 1 | પંજાબ યુનિવર્સિટી |
| 2 | દિલ્હી ટેકનોલોજીકલ યુનિવર્સિટી |

### સરકારી અને સરકાર દ્વારા સહાય પ્રાપ્ત કોલેજો/સંસ્થાઓ

| Rank | Institute Name |
|---|---|
| 1 | એન્જિનિયરિંગ કોલેજ પૂણે |
| 2 | PSG કોલેજ ઓફ ટેકનોલોજી |

### યુનિવર્સિટીઓ અને ડીમ્ડ યુનિવર્સિટીઓ (સેલ્ફ-ફાઈનાન્સ/ખાનગી)

| Rank | Institute Name |
|---|---|
| 1 | કલિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેકનોલોજી, ખોરધા |
| 2 | ચિત્કાર યુનિવર્સિટી (પંજાબ) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ખાનગી કોલેજો/સંસ્થાઓ (સેલ્ફ-ફાઈનાન્સ/ખાનગી)

| Rank | Institute Name |
|---|---|
| 1 | જી.એચ રાયસોનિ કોલેજ ઓફ એન્જિનિયરિંગ, નાગપુર |
| 2 | આર.એમ. કે. એન્જિનિયરિંગ કોલેજ, ચેન્નાઈ |

## બિન ટેકનિકલ કેટેગરી

### રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને CFTIs

| Rank | Institute Name |
|---|---|
| 1 | ઈન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી |
| 2 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ કોઝિકોડ |

### સામાન્ય/જનરલ (બિન-ટેકનિકલ)

| Rank | Institute Name |
|---|---|
| 1 | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2021

30 નવેમ્બર, 2021ના રોજ સાહિત્ય અકાદમીએ વિવિધ ભાષાઓમાં 2021 માટે તેના પ્રતિષ્ઠિત 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'યુવા પુરસ્કાર' અને 'બાળ સાહિત્ય પુરસ્કાર'ની જાહેરાત કરી હતી.

### સાહિત્ય અકાદમી એવોર્ડ, 2021

'સાહિત્ય અકાદમી પુરસ્કાર, 2021' 20 ભાષાઓમાં આપવામાં આવ્યો હતો.

- સુશ્રી નમિતા ગોખલેને અંગ્રેજીમાં તેમની નવલકથા 'થિંગ્સ ટુલીવ બિહાઈન્ડ' માટે આ એવોર્ડ મળ્યો હતો.

નોંધ : ગુજરાતી, મણિપુરી, મૈથિલી અને ઉર્દુ ભાષઓના વિજેતાની જાહેરાત પછીથી કરવામાં આવશે.

### સાહિત્ય અકાદમી એવોર્ડ 2021

| ભાષા | વિજેતા/લેખક | કૃતી/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | સુશ્રી નમિતા ગોખલે | થિંગ્સ ટુ લીવ બિહાઈન્ડ (નવલકથા) |
| હિન્દી | શ્રી દયા પ્રકાશ સિંહ | સમ્રાટ અશોક (નાટક) |
| સંસ્કૃત | શ્રી વિન્દેશ્વરી પ્રસાદ મિશ્રા 'વિનય' | સૃજતિ શંખનાદમ કિલ, (કવિતા) |

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2021

'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર–2021' કુલ 22 ભારતીય ભાષાઓમાં આપવામાં આવ્યો હતો.

- સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2021 ગુજરાતી ભાષા માટે સુશ્રી દષ્ટિ સોનીને એનાયત કરવામાં આવ્યો છે.
- સુશ્રી દષ્ટિ સોનીને તેમની નવલકથા 'અ–માણસ' (A-Manas) માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2021 એનાયત કરવામાં આવ્યો છે.

## સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર 2021

| ભાષા | વિજેતા/લેખક | કૃતી/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | સુશ્રી મેઘા મઝુમદાર | અ બર્નિંગ (નવલકથા) |
| ગુજરાતી | સુશ્રી દષ્ટિ સોની | અ માણસ (નવલકથા) |
| હિન્દી | શ્રી હિમાંશુ વાજપેયી | કિસ્સા કિસ્સા લખનૌ (ટૂંકી વાર્તા) |

નોંધ : સુશ્રી મેઘા મઝુમદારનો જન્મ ભારતમાં થયો હતો પરંતુ તે હવે ન્યુયોર્કમાં રહે છે અને કેટપલ્ટ સ્ટોરીમાં એડિટર–ઈન–ચીફ તરીકે કામ કરે છે.

## બાળ સાહિત્ય પુરસ્કાર 2021

'બાળ સાહિત્ય પુરસ્કાર–2021' 22 ભાષાઓ માટે આપવામાં આવ્યો હતો.

- ગુજરાતી અને પંજાબી ભાષામાં આ વર્ષે કોઈ બાળ પુરસ્કાર આપવામાં આવ્યો નથી.
- અંગ્રેજી ભાષામાં બાળ સાહિત્ય પુરસ્કાર 2021 સુશ્રી અનિતા વચ્છરાજાનીએ એવોર્ડ જીત્યો છે.
- તેમને બાળકોનું પુસ્તક 'Amrita Sher-Gil : Rebel with A Paintbrush' માટે સન્માનિત કરવામાં આવ્યા છે.

## બાળ સાહિત્ય પુરસ્કાર 2021

| ભાષા | વિજેતા/લેખક | કૃતી/શિર્ષક |
|---|---|---|
| અંગ્રેજી | સુશ્રી અનિતા વચ્છરાજાની | Amrita She-Gil : Rebel with A Paintbrush |
| હિન્દી | શ્રી દેવેન્દ્ર મેવારી | નાટક નાટક મે વિજ્ઞાન (નાટક) |

## સાહિત્ય અકાદમી એવોર્ડ

રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા દર વર્ષે ભારતીય બંધારણ દ્વારા માન્ય 22 ભાષાઓ ઉપરાંત અંગ્રેજી અને રાજસ્થાની ભાષા સહિત કુલ 24 ભાષાઓના સાહિત્યમાંથી એક–એક કૃતિને આ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં સાહિત્ય અકાદમી પુરસ્કારનો પ્રારંભ વર્ષ 1955થી થયો હતો.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને શાલ, તામ્રપત્ર અને રૂ. 1 લાખ રોકડા પુરસ્કાર રૂપે અર્પણ કરવામાં આવે છે.
- ઈ.સ. 1955માં સૌપ્રથમ શ્રી મહાદેવભાઈ દેસાઈને તેમની કૃતિ 'મહાદેવભાઈની ડાયરી' (ડાયરી સાહિત્ય) માટે ગુજરાતી ભાષા માટેનો આ એવોર્ડ એનાયત થયો હતો.

## સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા કેટલાક ગુજરાતી સર્જકો અને તેમની કૃતિઓ

| વર્ષ | સર્જક | કૃતિ |
|---|---|---|
| 1955 | શ્રી મહાદેવભાઈ દેસાઈ | મહાદેવભાઈની ડાયરી |
| 2017 | સુશ્રી ઊર્મિ દેસાઈ | ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ |
| 2018 | સુશ્રી શરીફા વિજળીવાળા | વિભાજનની વ્યથા |
| 2019 | શ્રી રતિલાલ બોરીસાગર | મોજમાં રે'વું રે ! |
| 2020 | શ્રી હરીશ મિનાશ્રુ | બનારસ ડાયરી |

## સાહિત્ય અકાદમી

સાહિત્ય અકાદમી, દિલ્હી એ ભારતની રાષ્ટ્રીય સાહિત્ય સંસ્થા છે.

- તેને 'નેશનલ એકેડેમી ઓફ લેટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં થતી સાહિત્યિક ગતિવિધિઓના પોષણ અને સમન્વય માટે ભારત સરકાર દ્વારા 12 માર્ચ, 1954ના રોજ આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થા રવિન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે આવેલી છે.
- સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા તેમના મુખ્ય પુરસ્કાર 'સાહિત્ય અકાદમી એવોર્ડ' ઉપરાંત 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' અને 'સાહિત્ય અકાદમી બાળ સાહિત્ય પુરસ્કાર' પણ દર વર્ષે એનાયત થાય છે.

નોંધ : (1) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા બાળ સાહિત્યમાં વિશેષ પ્રદાન બદલ ભારતની વિવિધ 24 ભાષાઓના સર્જકોને વર્ષ 2010થી બાળ સાહિત્ય પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

(2) સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા ભારતના યુવા સાહિત્યકારોને પ્રોત્સાહન આપવા માટે 2011થી અકાદમી દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતની 24 ભાષાઓના સર્જકોને દર વર્ષે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' એનાયત થાય છે.

(3) સાહિત્ય અકાદમી દ્વારા 35 વર્ષ અથવા તો તેનાથી ઓછી ઉંમરના ભારતીય લેખકોને 'યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર અંતર્ગત એક સ્મૃતિ ચિહ્ન અને રૂ. 50,000નો ચેક પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં સરકારે 'Atal Rankings of institutions on innovation Achievements (ARIIA) 2021ની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અંતર્ગત રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટી અને CFTIs (ટેકનિકલ કેટેગરી) કેટેગરીમાં IIT મદ્રાસ પ્રથમ ક્રમે છે.
2. સરકારી અને સરકાર દ્વારા સહાય પ્રાપ્ત યુનિવર્સિટી (ટેકનિકલ કેટેગરી)ની કેટેગરીમાં પંજાબ યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે.
3. સરકારી અને સરકાર દ્વારા સહાય પ્રાપ્ત કોલેજો/સંસ્થાઓ (ટેકનિકલ કેટેગરી)ની કેટેગરીમાં એન્જિનિયરીંગ કોલેજ પૂણે પ્રથમ ક્રમે છે.
4. રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ, કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને CFTIs (બિન–ટેકનિકલ કેટેગરીમાં) કેટેગરીમાં ઈન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

2. વર્ષ 2021નો અંગ્રેજી ભાષા માટેનો 'સાહિત્ય અકાદમી એવોર્ડ' કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી અનુરાધા શર્મા (B) સુશ્રી નમિતા ગોખલે
(C) સુશ્રી અનિતા ગુપ્તા (D) સુશ્રી મિનાક્ષી શર્મા **(B)**

3. 'થિંગ્સ ટુ લીવ બિહાઈન્ડ' કોની નવલકથા છે ?

(A) સુશ્રી અનુરાધા શર્મા (B) સુશ્રી નમિતા ગોખલે
(C) સુશ્રી અનિતા ગુપ્તા (D) સુશ્રી મિનાક્ષી શર્મા **(B)**

4. વર્ષ 2021નો ગુજરાતી ભાષા માટે 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) સુશ્રી દષ્ટિ સોની (B) સુશ્રી મેઘા મઝુમદાર
(C) સુશ્રી દષ્ટિ શર્મા (D) સુશ્રી મેઘા સોની **(A)**

5. 'અ–માણસ' (A-Manas) કોની નવલકથા છે ?

(A) સુશ્રી દષ્ટિ સોની (B) સુશ્રી મેઘા મઝુમદાર
(C) શ્રી હિમાંશુ વાજપેયી (D) શ્રી ચેતન ભગત **(A)**

6. વર્ષ 2021નો હિન્દી ભાષા માટે 'બાળ સાહિત્ય પુરસ્કાર' કોને એનાયત થયો છે ?

(A) શ્રી નંદ કિશોર આચાર્ય (B) શ્રી કુમાર મનિષ અરવિંદ
(C) શ્રી દેવેન્દ્ર મેવારી (D) શ્રી વિક્રમ શેઠ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઝાંસી રેલવે સ્ટેશનનું નામ બદલવામાં આવ્યું

તાજેતરમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે જાહેરાત કરી છે કે ઉત્તરપ્રદેશ ઝાંસી રેલવે સ્ટેશન હવે 'વીરાંગના લક્ષ્મીબાઈ રેલવે સ્ટેશન' તરીકે ઓળખાશે.


- કેન્દ્ર સરકારની મંજૂરી બાદ રાજ્ય સરકારે આ અંગે જાહેરનામુ બહાર પાડયું છે.
- આ અગાઉ મુગલસરાય રેલવે સ્ટેશનનું નામ બદલીને 'પંડિત દીન દયાલ ઉપાધ્યાય' રેલવે સ્ટેશન કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) રાણી લક્ષ્મીબાઈ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના બહાદુર યોદ્ધામાંના એક હતા.

(2) તેમનો જન્મ 13 નવેમ્બર, 1928ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસીમાં થયો હતો.

(3) નોંધનીય છે કે કોઈપણ ગામ, નગર, શહેર અથવા સ્ટેશનનું નામ બદલવા માટે રાજ્ય વિધાનસભા દ્વારા સાદી બહુમતી સાથે પસાર કરાયેલ એક કાર્યકારી આદેશની જરૂર પડે છે જ્યારે સંસદમાં બહુમતી ધરાવતા રાજ્યનું નામ બદલવા માટે બંધારણમાં સુધારો કરવો પડે છે.

## રેલવે બોર્ડના નવા અધ્યક્ષ તરીકે શ્રી વિનય કુમાર ત્રિપાઠીની નિમણૂક કરવામાં આવી



શ્રી વિનય કુમાર ત્રિપાઠીને રેલવે બોર્ડના નવા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- કેબિનેટની નિમણૂક સમિતિએ તેની મંજૂરી આપી દીધી છે.
- શ્રી ત્રિપાઠી હાલમાં નોર્થ ઈસ્ટર્ન રેલવે ઝોનના મેનેજર છે.
- તેમણે રૂરકીમાંથી B.Tech (ઈલેક્ટ્રિક એન્જિનિયરિંગ) કર્યું છે અને 1983ની ઈન્ડિયન રેલવે સર્વિસ ઓફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર્સ (IRSEE) બેચમાંથી રેલવેમાં જોડાયા હતા.
- તેઓ 1982 બેચના IRSME અધિકારી શ્રી સુનિત શર્માનું સ્થાન લેશે.

## અંડર-19 એશિયા કપમાં આઠમી વખત ભારત ચેમ્પિયન

23 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર 2021 દરમિયાન UAEમાં 9માં અંડર-19 એશિયા કપનું આયોજન થયું હતું.

- જેમાં ફાઈનલ મેચમાં શ્રીલંકાને હરાવીને ભારત સતત આઠમી વખત ચેમ્પિયન બન્યું છે.
- ફાઈનલ મેચનું આયોજન દુબઈના 'દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ' ખાતે કરવામાં આવ્યું હતું.
- ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 9 વિકેટે 106 રન બનાવ્યા હતા.
- વરસાદ વિઘ્નના કારણે ડકવર્થ–લુઈસ નિયમના આધારે મેચને 38 ઓવરની કરવામાં આવી હતી. જેમાં ભારતીય ટીમે 21.3 ઓવરમાં 102 રનના સુધારેલા લક્ષ્યને હાંસલ કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકારે ઝાંસી રેલવે સ્ટેશનનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ?

(A) વીરાંગના લક્ષ્મીબાઈ રેલવે સ્ટેશન (B) શ્રી દામોદરરાવ રેલવે સ્ટેશન

(C) ઝાંસી–ઉત્તરપ્રદેશ રેલવે સ્ટેશન (D) એકપણ નહીં

(A)

2. રેલવે બોર્ડના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અનિલ કુમાર ત્રિપાઠી (B) શ્રી નીરવ કુમાર ત્રિપાઠી

(C) શ્રી વિનય કુમાર ત્રિપાઠી (D) શ્રી વિવેક કુમાર ત્રિપાઠી

(C)

3. અંડર-19 એશિયા કપ-2021 વિજેતા ટીમનું નામ જણાવો ?

A) પાકિસ્તાન (B) ભારત (C) શ્રીલંકા (D) અફઘાનિસ્તાન

(B)

4. ભારત કેટલામી વખત અંડર-19 એશિયા કપમાં ચેમ્પિયન બન્યું છે ?

(A) આઠમી (B) નવમી

(C) દસમી (D) અગિયારમી

(A)

5. અંડર-19 એશિયા કપ 2021નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) ભારત (B) બાંગ્લાદેશ

(C) યુ.એસ.એ. (D) યુ.એ.ઈ.

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'નદી ઉત્સવ'નું અમદાવાદ ખાતે સમાપન કરાવ્યું**

દેશની આઝાદીને 75 વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઉજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃતિમાં મહત્ત્વનું યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી રાજ્યભરમાં યોજાયેલા 'નદી ઉત્સવ'નું અમદાવાદના સાબરમતી તટે આસ્થામય સમાપન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યું હતું. અમદાવાદની સાબરમતી નદીના કિનારે નદી પૂજા–ઘાટ આરતી–રીવર મશાલ દીપોત્સવના પગલે સમગ્ર વિસ્તારમાં નયનરમ્ય દશ્યો યોજાયા હતા.

## ભારત

➤ **મોઝામ્બિકને ભારતની સહાય**

25 ડિસેમ્બરે ભારતીય નૌકાદળનું જહાંજ કેસરી 'સાગર મિશન'ના ભાગરૂપે 500 ટન ખાદ્ય સામગ્રી લઈને મોઝામ્બિકના માપુટો બંદરે પહોંચ્યું હતું. દુષ્કાળ અને કોવિડ-19 મહામારીના પડકારને પહોંચી વળવા મોઝામ્બિકન સરકારના પ્રયાસોને સમર્થન આપવા માટે 500 ટન ખાદ્ય સહાય મોકલવામાં આવી છે. ભારત મોઝામ્બિકન સશસ્ત્ર દળોના ક્ષમતા નિર્માણના પ્રયાસોને સમર્થન આપવા માટે પણ પ્રતિબદ્ધ છે. આ રીતે સમર્થન આપવા માટે INS કેસરીએ મોઝામ્બિકના સશસ્ત્ર દળોને બે ઝડપી ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને સ્વ–રક્ષણના સાધનો સોંપ્યા હતા. મોઝામ્બિક દક્ષિણપૂર્વ આફ્રિકામાં સ્થિત એક દેશ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **હિમાચલ પ્રદેશનો રેણુકા ડેમ પ્રોજેક્ટ**

27 ડિસેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિમાચલ પ્રદેશમાં રેણુકાજી ડેમ પ્રોજેક્ટનો શિલાયન્સ કર્યો છે. તે સિરમૌર જિલ્લામાં ગિરી નદી પર રૂ. 6,700 કરોડનો પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી 40 મેગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે 200 મિલિયન યુનિટ ઊર્જા ઉત્પન્ન કરે તેવી અપેક્ષા છે. આ ડેમની સંગ્રહ ક્ષમતા 498 મિલિયન ક્યુબિક મીટર હશે. તે દિલ્હીને પીવાના પાણીની લગભગ 40% જરૂરિયાત પૂરી કરશે. આ ડેમનું બાંધકામ છેલ્લા ત્રણ દાયકાથી પેન્ડિંગ હતું. આખરે તે છ રાજ્યો હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તરાખંડના સહયોગ પછી બનાવવામાં આવશે.

➤ **ભારત 'આતંકવાદ વિરોધી સમિતિ'ની અધ્યક્ષતા કરશે**

ભારત જાન્યુઆરી 2022માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં 'આતંકવાદ વિરોધી સમિતિ'ની અધ્યક્ષતા કરશે. આ સમિતિ ભારતના દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તે વૈશ્વિક સ્તરે આતંકવાદનો સામનો કરવાના ભારતના પ્રયાસોમાં મદદરૂપ સાબિત થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આતંકવાદ વિરોધી સમિતિની અધ્યક્ષતા લગભગ 10 વર્ષ પછી ભારત પાસે આવી છે, ભારતે આ અગાઉ વર્ષ 2012માં આ સમિતિની અધ્યક્ષતા કરી હતી.

➤ **મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મેરઠમાં મેજર ધ્યાનચંદ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો શિલાયન્સ કર્યો હતો. આ યુનિવર્સિટીની સ્થાપના મેરઠના સરધના નગરના સલવા અને કાલી ગામોમાં કરવામાં આવી રહી છે. આ યુનિવર્સિટીના નિર્માણમાં અંદાજે 700 કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. સ્પોર્ટ્સ યુનિવર્સિટી પાસે સિન્થેટીક હોકી ફિલ્ડ, ફૂટબોલ ફિલ્ડ, વોલીબોલ, હેન્ડબોલ, કબડ્ડી ગ્રાઉન્ડ, લોન ટેનિસ કોર્ટ, જીમ્નેસ્ટિક્સ માટે હોલ, દોડવા માટે સિન્થેસ્ટિક સ્ટેડિયમ, સ્વિમિંગ પૂલ અને સાઈકલિંગ માટે ટ્રેક સહિતનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **શ્રી આર્કબિશપ ડેસમંડ ટૂટૂ**

દક્ષિણ આફ્રિકામાં રંગભેદને સમાપ્ત કરવામાં મદદ કરનાર નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા શ્રી આર્કબિશપ ડેસમંડ ટૂટૂનું 90 વર્ષની વયે નિધન થયું છે. તેઓ શ્રી નેલ્સન મંડેલાના સમકાલીન હતા. તેમણે 1948થી 1991 દરમિયાન દક્ષિણ આફ્રિકામાં અશ્વેત બહુમતી સામે શ્વેત લઘુમતી સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વંશીય ભેદભાવની નીતિને સમાપ્ત કરવાના આંદોલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમને વર્ષ 1984માં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. શ્રી આર્કબિશપ વિશ્વભરના અસંખ્ય લોકો માટે માર્ગદર્શક હતા.

➤ **બેલ્જિયમ 2025 સુધીમાં તમામ પરમાણુ પ્લાન્ટ બંધ કરશે**

બેલ્જિયમ સરકારે તાજેતરમાં આગામી ત્રણ વર્ષ (2025 સુધીમાં) દેશના તમામ પરમાણુ પાવર પ્લાન્ટ બંધ કરવાની જાહેરાત કરી છે. પાવર પ્લાન્ટ્સને બંધ કરવાની આ પ્રક્રિયા વર્ષ 2022માં શરૂ કરવામાં આવશે. બેલ્જિયમમાં વર્ષ 2003માં એક કાયદો પસાર કરવામાં આવ્યો હતો, જેમાં બેલ્જિયમના તમામ રિએક્ટરના કાર્યકારીને જીવનના 40 વર્ષ સુધી મર્યાદિત કરવામાં આવ્યો હતો અને નવા રિએક્ટરના બાંધકામ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. નોંધનીય છે કે જર્મનીએ પણ વર્ષ 2022ના અંત સુધીમાં તેના તમામ પરમાણુ પાવરપ્લાન્ટ બંધ કરવાની જાહેરાત કરી છે. જાપાનની 'ફૂકુશિમા પરમાણુ દુર્ઘટના' બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

➤ **ન્યૂ ડેવલપમેન્ટ બેંક (NDB)**

તાજેતરમાં ઈજિપ્ત 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક' (NDB)નું નવમું સભ્ય બન્યું છે. અગાઉ સપ્ટેમ્બરમાં બાંગ્લાદેશ સંયુક્ત આરબ અમીરાત અને ઉરૂગ્વે NDBમાં નવા સભ્ય તરીકે જોડાયા હતા. નોંધનીય છે કે ન્યૂ ડેવલપમેન્ટ બેંક દ્વારા સભ્યપદનું વિસ્તરણ તેને ઉભરતી અર્થ વ્યવસ્થાઓ માટે એક મુખ્ય વિકાસ સંસ્થા તરીકે કાર્ય કરવામાં મદદ કરશે.

➤ **વિશ્વની સૌથી લાંબી મેટ્રોલાઈન શાંઘાઈમાં શરૂ થઈ**

વિશ્વની સૌથી લાંબી મેટ્રોલાઈન 31 ડિસેમ્બર, 2021ના રોજ ચીનના શાંઘાઈ પ્રાંતમાં ખોલવામાં આવી હતી. આ ઉદઘાટન સાથે શાંઘાઈએ વિશ્વભરમાં સૌથી મોટા મેટ્રો નેટવર્ક સાથે શહેર તરીકેનો તેનો ક્રમ જાળવી રાખ્યો છે. આ સાથે શાંઘાઈમાં મેટ્રો નેટવર્કની કુલ લંબાઈ 831 કિ.મી. થઈ ગઈ છે. હવે શાંઘાઈમાં 20 સબવે લાઈન અને 508 સ્ટેશન છે.

## ICE ? Questions

➤ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળે 'નદી ઉત્સવ'નું સમાપન કરાવ્યું હતું ? – અમદાવાદ

➤ તાજેતરમાં શ્રી આર્કબિશપ ડેસમંડ ટૂટૂનું નિધન થયું છે. તેઓ કયા દેશના વતની હતા ? – દક્ષિણ આફ્રિકા

➤ તાજેતરમાં ભારતીય નૌકાદળનું જહાજ કેસરી 'સાગર મિશન'ના ભાગરૂપે 500 ટન ખાદ્ય સામગ્રી લઈને......... દેશના માપુટો બંદરે પહોંચ્યું હતું. – મોઝામ્બિક

➤ તાજેતરમાં સમાચારમાં રહેલ રેણુકાજી ડેમ પ્રોજેક્ટ કયા રાજ્યમાં આવેલ છે ? – હિમાચલ પ્રદેશ

➤ તાજેતરમાં કયા દેશે જાહેરાત કરી છે કે વર્ષ 2025 સુધીમાં તેમના તમામ પરમાણુ પ્લાન્ટ બંધ કરશે ? – બેલ્જિયમ

➤ ભારત વર્ષ 2022માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં 'આતંકવાદ વિરોધી સમિતિ'ની અધ્યક્ષતા કરશે. આ અગાઉ ભારતે કયા વર્ષે આ સમિતિની અધ્યક્ષતા કરી હતી ? – 2012

➤ તાજેતરમાં કોણ 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક' (NDB)નું નવમું સભ્ય બન્યું છે ? – ઈજિપ્ત

➤ વિશ્વની સૌથી લાંબી મેટ્રોલાઈન કયાં શરૂ થઈ છે ? – શાંઘાઈ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. 'પિલર ઓફ શેમ' (Pillar of Shame) સ્મારક જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા દેશ અથવા પ્રદેશમાં સ્થિત છે ? – હોંગકોંગ

2. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તાજેતરમાં ટોકનાઈઝેશન નિયમો કઈ તારીખ સુધી લંબાવ્યા છે ? – 30 જૂન, 2022

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ બેલાગાવી સીમા વિવાદ કયા રાજ્યો સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર–કર્ણાટક

4. પી.એન. પનીકર જેની પ્રતિમાનું તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું તેઓ કયા આંદોલન સાથે સંકળાયેલા હતા ? – સાક્ષરતા અને પુસ્તાકાલયો

5. કયા કેન્દ્રીય મંત્રાલયે 'Star Rating Protocol of Garbage Free Cities - Toolkit 2022' લોન્ચ કર્યુ છે ? – આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે

6. તાજેતરમાં કયા દેશે 'સિર્કોન હાઈપરસોનિક મિસાઈલ સિસ્ટમ' લોન્ચ કરી છે ? – રશિયા

7. ..................અનુસાર ભારત 2022માં ફ્રાન્સને પાછળ રાખીને છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કરશે અને વર્ષ 2031 સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. – CEBR

(CEBRનું પૂરું નામ સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બિઝનેસ રિસર્ચ' છે. તે એક આર્થિક નીતિ અને આગાહી સંશોધન કેન્દ્ર છે. તેનું મુખ્યમથક અમેરિકામાં આવેલ છે. આ અગાઉ એવી આગાહી કરવામાં આવી હતી કે 2030માં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. જેમાં હવે સુધારો કર્યો છે.)

8. તાજેતરમાં કયા દેશે 'Zhiyuan-1 O2E' નામનો એક પૃથ્વી અવલોકન ઉપગ્રહ લોન્ચ કર્યો છે ? – ચીન

9. તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ ઓગસ્ટ 2022માં 'સાઈકે મિશન' શરૂ કરવાની જાહેરાત કરી છે. જે 16 સાઈક નામના વિશાળ મેટાલિક એસ્ટરોઈડને શોધવા માટે 'મેઈન એસ્ટરોઈડ બેલ્ટ'માં લોન્ચ કરવામાં આવેલું પહેલું મિશન હશે ? – NASA

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. કયા દેશે વિશ્વનો પ્રથમ 'AI Prosecutor' વિકસાવ્યો છે ? – ચીન

(ચીનના વૈજ્ઞાનિકોએ વિશ્વનું પ્રથમ એવું મશીન વિકસાવ્યું છે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને લોકો પર કાર્યવાહી કરી શકે છે. વૈજ્ઞાનિકોના મતે AI પ્રોસીક્યુટર 97%થી વધુ ચોકસાઈ સાથે લોકો સામે કાર્યવાહી કરી શકે છે.)

11. કોવિડ-19નો સામનો કરવા માટે કયું રાજ્ય 'Graded Response Action Plan' (GRAP) લાગું કરશે ?

12. 'ઈન્ડિયા આઉટ' અભિયાન કયા દેશ સાથે સંબંધિત છે ? – માલદીવ

13. સાહિબજાદા દિવસ ઉજવનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – ઉત્તરપ્રદેશ

(ઉત્તરપ્રદેશે તાજતેરમાં ગુરુ ગોવિંદ સિંહના ચાર પુત્રો (સાહિબજાદાઓ)ની શહાદતની યાદમાં સાહિબજાદા દિવસની ઉજવણી કરી છે.)

14. 'ફ્રોઝન ટારડીગ્રેડ' શું છે, જે તાજેતરમાં સમાચારોમાં હતું ? – માઈક્રોસ્કોપિક બહુકોષીય સજીવો

15. તાજેતરમાં સમાચારોમાં રહેલ એડવર્ડ ઓ વિલ્સન કોણ છે ? – જીવવિજ્ઞાની

16. કયું કેન્દ્રીય મંત્રાલય 'ગ્રામ ઉજાલા કાર્યક્રમ' લાગુ કરી રહ્યું છે ? – વિદ્યુત મંત્રાલય

17. રેટિંગ એજન્સી ICRA અનુસાર નાણાકીય વર્ષ 2022માં ભારતની અંદાજિત વાસ્તવિક GDP વૃદ્ધિ કેટલી છે ?

– 9%

18. તાજેતરમાં કઈ ભારતીય ક્રિકેટરે તેના કેરિયરની 200 વિકેટ પૂર્ણ કરી હતી ? – મોહમદ સામી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT